ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ગુડા વિસ્તારમાં ૧૧ કરોડના ખર્ચે નવા આઠ બગીચા બનશે

ગુડાની પેનલે તૈયાર કરેલી બગીચાની ડિઝાઇન પણ સેપ્ટના સભ્યોએ આખરી કરી : રાયસણ, કુડાસણ, વાવોલ ,ઉવારસદ, પેથાપુર સહીતની ટી પી સ્કીમમાં ૨ થી ૧૨ હજાર ચો મી વિસ્તારના ક્ષેત્રફળમાં ઉદ્યાનો બનશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે વિવિધ ટી પી સ્કીમમાં ૮ જેટલા બગીચા બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સેપ્ટે ગુડાના આ ઉદ્યાન નિર્માણની યોજના સંદર્ભે ડિઝાઈનને મંજુરી આપી દીધી છે. છેલ્લા બે દાયકામાં ગુડા વિસ્તારમાં માત્ર એક જ બગીચાનુ નિર્માણ કરાયુ છે. જયારે આગામી દિવસોમાં રૂ ૧૧ કરોડના ખર્ચે નવા આઠ ઉદ્યાનોથી ન્યુ ગાંધીનગરમાં હરિયાળી નિખરી ઉઠશે.

ગુડા દ્વારા વિકાસના નવતર અભિગમ સાથે નવી વિકાસ યોજનાને આખરી કરી ગાંધીનગર સહીત આસપાસના વિસ્તારમાં હાઇટેક વિકાસકામો હાથ ધરવા તખતો તૈયાર કરી દેવાયો છે. જયારે ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો ઉપરાંત એમ આઇ જી અને એલ આઇ જી આવાસ યોજનાનુ કામ પણ ચાલી રહયુ છે. રહેણાંક ઝોનને અનુલક્ષી પાણી ગટર અને રસ્તાના કામો પણ તેજ ગતિએ હાથ ધરાયા છે. આ ઉપરાંત સ્થાનિક નાગરિકોને વિવિધ સુવિધાઓ ઉપરાંત વિકાસલક્ષી યોજનાનો લાભ મળી રહે તે મુજબ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ક્લીન સીટી અને ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવાનુ પણ આયોજન કરી દેવાયુ છે. ગુડાની વિવિધ ટી પીમાં છેલ્લા બે દાયકા દરમિયાન માત્ર એક જ બગીચાનુ નિર્માણ કરાયુ હોવાથી ગુડાના વિવિધ ગામોમાં નવા ઉદ્યાનો બનાવવા માટે નવી કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જેમાં ૨ હજાર ચો .મી થી ૧૨ હજાર ચોમી સુધીના ક્ષેત્રફળમાં હરિયાળા ઉદ્યાનનુ નિર્માણ કરવામાં આવશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

ગુડાના ચેરમેન આશિષ દવે ના જણાંવ્યા મુજબ ગુડા વિસ્તારમાં નાગરિકોની આંખોને ઠંડક આપે તેવી હરિયાળી નિખારવા માટે નવા બગીચાઓ બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે. ગુડા દ્વારા સરગાસણ ,રાયસણ, કુડાસણ, વાવોલ ,પેથાપુર, ઉવારસદ સહીત વિવિધ ૮ જેટલી ટી પી સ્કીમમાં ૮ જેટલા બગીચા બનાવાશે. બગીચા નિર્માણ અન્વયે ગુડાની એમ પેનલે બગીચાની ડિઝાઇન તૈયાર કરી સેપ્ટને રજુ કરી હતી . જયારે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશનના અંતે સેપ્ટના સભ્યોએ ડિઝાઈનને આખરી કરી દીધી છે.

મીની વાયબ્રન્ટ - ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટનું પુનરાવર્તન થતું હોય એમ સજાવટનો ધમધમાટ ચાલે છે... આગામી ૨૨મીથી આઈફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની ૫૨મી વાર્ષિક સભા મહાત્મા મંદિર ખાતે યોજાવાની છે... જેનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે... અને જે બેઠકમાં આફ્રિકા ખંડના વિવિધ દેશોના પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિશ્રીઓ હાજરી આપવાના છે... આંતરરાષ્ટ્રીય કક્ષાની પરિષદ માટે રાજ્યનું વહીવટી તંત્ર તડામાર તૈયારીઓ કરી રહ્યું છે...

જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીનો વિવાદ વધુ વકર્યો

છ જેટલા સભ્યોએ વિકાસ કમિશનરને પત્ર લખી કામગીરીની મંજૂરી પ્રતિષેધ કરવાની ચીમકી ઉચ્ચારતાં પ્રમુખ તાબડતોબ પંચાયત આવ્યા : આજે ચૂંટાયેલા સભ્યોની ખાસ બેઠક મળશે : વિવાદ નહિ હોવાનું જણાવતા રામાજી ઠાકોર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીની ગ્રાન્ટનો વિવાદ વધુ ઘેરો બન્યો છે અને હવે તે વિવાદને ઠંડો પાડવા શુક્રવારે બપોરે ચૂંટાયેલા સભ્યોની એક બેઠક પણ બોલાવવામાં આવી છે.

છેલ્લા એક સપ્તાહથી શરૂ થયેલા આ વિવાદમાં આજે કોંગ્રેસના જ કેટલાક સભ્યોએ સમુહમાં એક પત્ર વિકાસ કમિશનરને લખી સામાન્ય સભાની આ અંગેની સમગ્ર કાર્યવાહીને પ્રતિષેધ કરવા માટે સૂચવવાની ઉગ્રતાને પારખી કાલે જ બેઠક ભલામણ તૈયાર કરી હતી.

આ વાતની જાણ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરને થતાં તેઓ તાબડતોબ પંચાયત ભવન ખાતે દોડી આવ્યા હતા. તેમણે સભ્યોની મળતી વિગતો પ્રમાણે આ ગ્રાન્ટ વહેંચણીને મુદ્દે સભ્યો વચ્ચેનો ખટરાગ એટલો બધો તીવ્ર બન્યો છે કે આજે આખો દિવસ આ મુદ્દો સતત ચર્ચામાં રહ્યો હતો. કોંગીના કેટલાક આગેવાનો પણ પંચાયત સંકુલમાં આવ્યા હતા અને તેમણે જણાવ્યુ હતુ કે બધુ સરખુ થઈ જશે તમે જે ખટરાગ જુઓ છે તેવુ કંઈજ નથી.

● અનુસંધાન પાન-૭ પર

દબાણ મુક્ત પાટનગર - પ્રધાનમંત્રી અને વિદેશી મહેમાનોના આગમનના પગલે શહેરના મુખ્યમાર્ગો પર દબાણો હટાવવા તંત્ર સફાળુ જાગ્યું છે... મહાત્મા મંદિરના આસપાસનો વિસ્તાર તથા વિદેશી મહેમાનોના અવરજવરવાળા માર્ગો પરથી લારી-ગલ્લા હટાવી લેવા તંત્ર સક્રિય બન્યું હતું....

શહેરમાં પાણીના સપ્લાયની સાથે કલોરીનેશનનુ પ્રમાણ પણ વધારી દેવાયુ

ગાંધીનગર તા ૧૮

શહેરનુ જનજીવન આકરી ગરમીથી પ્રભાવિત છે. ત્યારે પાણીનો વપરાશ પણ વધ્યો છે. જેના લીધે તંત્ર દ્વારા પાણીનો સપ્લાય વધારી દેવાયો છે. જયારે પાણીના સપ્લાયની સાથે પાણીની ગુણવત્તા અંગે પણ નમુનાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. હાલ ગરમીમાં પાણીમાં કલોરીનેશનનુ પ્રમાણ વધારી દેવાયુ છે. આકરી ગરમીમાં પાણીમાં કલોરીનનુ પ્રમાણ ઘટી જતા સપ્રમાણ જળવાઇ રહે તે માટે હાલ શહેરમાં સપ્લાય થતા પાણીના પુરવઠામાં ૦.૩ પી પી એમ કરી દેવાયુ છે.

આગ ઓકતી ગરમીથી સૌ કોઇ પરેશાન છે. આકરી ગરમીના લીધે શહેરમાં પાણીનો વપરાશ વધ્યો છે. આડા દિવસોમાં શહેરમાં થતા પાણીના વપરાશ સામે પ્રતિદિન ૮ એમ એલ ડી જેટલો ઉપયોગ વધ્યો છે. પાણીનો વપરાશ વધતા તંત્ર દ્વારા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી મળી રહે તેવુ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. ત્યારે પાણીજન્ય રોગચાળાના સંભવિત ખતરાને ડામવા માટે તંત્ર દ્વારા પાણીના નમુનાની સતત ચકાસણી કરવામાં આવી રહી છે. જયારે વધતી ગરમી વચ્ચે પાણીમાં કલોરીનેશનનુ પ્રમાણ પણ વધારી દેવાયુ છે.ચરેડી અને સરીત હેડવર્કસમાં પાણીમાં કલોરીનેશનનુ પ્રમાણ અગાઉ ૦.૨.૫ પી પી એમ રાખવામાં આવ્યુ હતુ. પરંતુ આકરી ગરમીમાં પાણીમાંથી કલોરીન ઉડી જતા કલોરીનના પ્રમાણને બેલેન્સ રાખવા માટે તંત્ર દ્વારા પાણીમાં કલોરીનેશન વધારી દેવાયુ છે. કલોરીનેશન વધારી દેવાતા છેવાડાના ઘર સુધી ૦.૨ પી પી એમ સુધી કલોરીનેશન જળવાઇ રહે છે. તેમ પણ સુત્રો દ્વારા જણાંવાયુ છે.

રાજ્યસભાની ત્રણ બેઠકોની ચૂંટણી જાહેર

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતની રાજ્યસભાની ૩ બેઠકોની ચૂંટણીઓ જાહેર થવા પામી છે. આ માટે ૨૨મીએ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે.

ગુજરાતની રાજ્યસભાની ૩ બેઠકોની ચૂંટણી યોજાનારી છે. આ ત્રણ બેઠકો પૈકી બે બેઠકો ભાજપ પાસે અને એક બેઠક કોંગ્રેસ પાસે છે. ભાજપના સ્મૃતી ઈરાની, દિલીપ પંડ્યાની બેઠકની ચૂંટણી છે. જ્યારે કોંગ્રેસના અહેમદ પટેલની બેઠકની ચૂંટણી છે.

ગુજરાતની રાજ્યસભાની ૩ બેઠકોની ચૂંટણી માટે આગામી ૨૨મી મે ના રોજ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે ૨૯મી મે એ ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે. જ્યારે ૧લી જૂને ઉમેદવારીપત્ર પાછુ ખેંચવાનો છેલ્લો દિવસ છે. રાજ્યસભાની આ ત્રણ બેઠકોની ચૂંટણીમાં જો ભાજપ કોઈ ત્રીજો ઉમેદવાર ઉભો નહી રાખે તો ભાજપની બે બેઠકો પર અને કોંગ્રેસની એક બેઠક એમ ત્રણે બેઠકો બીન હરીફ થશે.

કોંગ્રેસ એહમદ પટેલને જ આ બેઠક પર ફરી રીપીટ કરે તેવી પૂરી શક્યતાઓ છે. જ્યારે ભાજપ આ ખાલી પડનારી બેઠક પર સ્મૃતી ઈરાનીને ફરી રીપીટ કરશે અને જ્યારે દીલીપ પંડ્યાને સ્થાને કોઈ નવા ઉમેદવાર ઉપર પસંદગીનો કળશ ઢોળાશે તેવી શક્યતા છે.

આગામી ૨૧-૨૨મીએ વરસાદની હવામાન વિભાગની આગાહી

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી ૨૧ અને ૨૨મી મે એ વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજ્યના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થવા પામ્યો છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં ગરમીનો પારો ઊંચો જવા પામ્યો છે અને કાળઝાળ ગરમી પડી રહી છે.

રાજ્યના હવામાનમાં પલટો આવવા પામ્યો છે. હવામાન વિભાગે આગામી ૨૧મી અને ૨૨મી મે એ રાજ્યના અમરેલી, ખેડા, રાજકોટ, મહેસાણા સહીતના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે ચોમાસાએ કેરળમાં સમયસર દસ્તક દેતા ગુજરાતમાં પણ આગામી ૧૫મી જૂનની આસપાસ સમયસર ચોમાસુ બેસશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી હતી. અમરેલીમાં બે દિવસ પહેલા જામેલા કમોસમી વરસાદને કારણે બાજરી અને ડુંગળીના પાકોને મોટુ નુકશાન થવા પામ્યુ હોવાની ભીતી વક્ત કરવામાં આવી છે. વરસાદની આગાહીના પગલે ગુજરાતમાં ગરમીમાં ઘટાડો થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

ચોમાસા પુર્વે જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્રની ટીમ કામે લાગી

અગાઉ પણ સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી : વરસાદી દિવસોમાં અકસ્માત ન થાય તે માટે વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષો દુર કરવા ઝુંબેશ

ગાંધીનગર તા ૧૮

શહેરમાં વૃક્ષોની વનરાજી વિશેષ છે. નગરના મુખ્ય અને આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની હરિયાળી જોવા મળી રહી છે. જયારે વૃક્ષોની સંખ્યા વધુ હોવાના લીધે ટ્રીમીંગ સહીતની જાળવણીનો પ્રશ્ન પણ મુખ્ય બને છે. ચોમાસુ નજીકમાં છે. ત્યારે વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી માટે પુર્વતૈયારી કરી દેવાઈ છે. જયારે ભયજનક વૃક્ષો દુર કરવા માટે પણ ઝુંબેશ હાથ ધરાઈ છે. આજે સે-૨૨ સ્થિત આર્યુવેદિક હોસ્પિટલના કેમ્પસમાંથી

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com